

**ચીખલી તાલુકામાં દીપડાઓના હુમલાના બનાવોમાં ચિંતાજનક વધારો**

# ૨૨ મહિનામાં ૨૧ પશુનો શિકાર, ૬ માનવી ઘાયલ

**૪૦-૫૦** કિમી દૂર છોડાતા દીપડાઓ ફરી એ જ વિસ્તારમાં આવે છે અને હુમલા કરે છે

**નજીકમાં** અભયારણ બનાવવામાં આવે તો માનવી સાથેનો સંઘર્ષ અટકશે

**રેન્જમાં ૫ બીટ ગાર્ડની જગ્યા ખાલી, શેરડી કાપણી બાદ મોટો ખતરો!**

**અછત વચ્ચે કામગીરી:** ચીખલી રેન્જ પાસે હાલ માત્ર ૮ જેટલાં પાંજરાં ઉપલબ્ધ છે, જેની પણ અવારનવાર અછત સર્જાય છે.
**ખેતરો ખાલી થતાં જોખમ વધશે:** આગામી દિવસોમાં શેરડીના કટિંગ બાદ ખેતરો ખાલી થતાં દીપડાઓ બહાર આવશે, જેથી ફરિયાદો અને બનાવ વધવાની પૂરી શક્યતા છે.
**સ્ટાફની તંગી:** ચીખલી અને ખેરગામ જેવા મોટા વાઇલ્ડ લાઇફ વિસ્તાર ધરાવતી ચીખલી રેન્જમાં ૫ જેટલા બીટ ગાર્ડોની જગ્યાઓ ખાલી પડી છે.
**પ્રતિનિધિઓની ઉદાસીનતા:** ખાલી પડેલી જગ્યાઓ ઝડપથી ભરાય તે માટે સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પણ અંગત રસ દાખવે તે અત્યંત જરૂરી બન્યું છે.

ઘેજ: ચીખલી તાલુકામાં રહેણાંક વિસ્તારોમાં દીપડાઓના આંટાફેરા વધવાની સાથે માનવ અને પશુઓ પરના હુમલાના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે. છેલ્લા ૨૨ મહિનામાં દીપડાઓએ ૨૧ જેટલા પશુઓનો શિકાર કર્યો છે, જ્યારે ૬ જેટલા માનવીઓને ઈજા પહોંચાડી છે. આ સમયગાળા દરમિયાન વન વિભાગ દ્વારા ૧૬ જેટલા દીપડાઓને પાંજરે પૂરવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિમાં માનવજીવ અને પશુઓની સલામતી માટે સરકાર દ્વારા અભયારણ્ય કે પાર્ક સહિતના કાયમી નિરાકરણનું આયોજન કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઊઠી છે.

વન વિભાગ પાસે હાલ દીપડા અંગેની ફરિયાદોમાં અનેકગણો વધારો થયો છે. વન વિભાગ દ્વારા પાંજરા ગોઠવીને દીપડાને પકડવામાં આવે છે, પરંતુ પકડાયેલા દીપડાને ચીખલીથી માત્ર ૪૦થી ૫૦ કિલોમીટર દૂર આવેલા જંગલમાં છોડી મૂકવામાં આવે છે. આથી, એ જ દીપડાઓ ફરી પાછા આ જ વિસ્તારમાં આવી પહોંચે છે, જેથી પાંજરે પૂરવાનો કોઈ કાયમી અર્થ રહેતો નથી.

આ પરિસ્થિતિ નિવારવા વન વિભાગ દ્વારા નજીકના જંગલ વિસ્તારમાં દીપડા માટે પાર્ક કે અભયારણ્ય બનાવી તેમાં ખોરાક-પાણીની વ્યવસ્થા કરાય તો દીપડાઓ માનવ વસતી તરફ આવતા અટકશે. આ સાથે જ પ્રવાસન ઉદ્યોગ વિકસવાથી સ્થાનિકોને રોજગારી પણ મળી રહેશે.

**ખોરાકની શોધમાં માનવ વસતી તરફ સ્થળાંતર**

ચીખલી તાલુકાના પાડોશી તાલુકાઓ તેમજ જિલ્લાના જંગલ વિસ્તારોમાં વન્ય પ્રાણીઓને પૂરતા પ્રમાણમાં ખોરાક અને પાણી જેવી પ્રાથમિક જરૂરિયાતો ન મળતા તેઓ સ્થળાંતર કરી રહ્યા છે. ખાસ કરીને ચીખલી તાલુકામાં પાણીની સુવિધા વાળા નદી, કોતરો અને તળાવો નજીકના વિસ્તારોમાં દીપડાઓએ વસવાટ બનાવ્યો છે. ખોરાકની શોધમાં વારંવાર માનવ વસતીમાં આવી ચડતા દીપડાઓ સાથે માનવ સંઘર્ષના કિસ્સાઓ વધી રહ્યા છે.

# વાપીની ૧૯ સોસાયટીની ૭૦:30 જનભાગીદારી યોજના મંજૂર

**ફાયર** વિભાગમાં કરાર આધારિત ભરતી અંગે સ્થાયી સમિતિમાં દરખાસ્ત



**આ વર્ષે પણ લોકલ ફોર વોકલ મેળો યોજાશે**

વાપી મનપા દ્વારા ગતવર્ષની જેમ આ વર્ષે પણ ચલા અજીત નગર ખાતે સ્વદેશી મેળાનું આયોજન કર્યુ છે. તા. ૨૮/૧૦/૨૦૨૬ થી ૬/૧૧/૨૦૨૬ સુધી કુલ ૧૦ દિવસ માટે આ મેળો યોજાશે. દરેક વોર્ડના કાઉન્સીલરોને આ મેળામાં મહત્તમ લોકો ભાગ લે તે રીતે તમામ નાગરિકોને માહિતગાર કરવા સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીષભાઈ પટેલે અનુરોધ કર્યો હતો.

વાપી: વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના સીધા માર્ગદર્શન મુજબ ગુણવત્તાયુક્ત જાહેર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

વાપી મનપાની સ્થાયી સમિતિની ગુરુવારે મળેલી બેઠકમાં રાજ્ય સરકારની રહેણાંક સોસાયટીઓ માટેની ૭૦:30 જનભાગીદારી યોજના હેઠળ પ્રાપ્ત થયેલી કુલ ૧૯ સોસાયટીની દરખાસ્તોને સ્થાયી સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ દરખાસ્તો જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પહેલથી સોસાયટીઓમાં પાયાની સુવિધાઓના વિકાસને પ્રોત્સાહન મળવાની સાથે સ્થાનિક રહેવાસીઓને પણ લાભ થવાની અપેક્ષા છે.

આ ઉપરાંત મનપાની દૈનિક વહીવટી કામગીરી વધુ સુવ્યવસ્થિત, ઝડપી અને અસરકારક રીતે થઈ શકે તે હેતુથી સેક્રેટરી વિભાગમાં આઉટસોર્સિંગ મારફતે બે ક્લાર્ક તથા એક પટાવાળાની સેવા મેળવવા અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ફાયર વિભાગની કામગીરીને સુદૃઢ બનાવવા પૂરતું માનવબળ ઉપલબ્ધ રહે તે હેતુથી કરાર આધારિત ભરતી અંગેની દરખાસ્ત સહિત વિકાસકામોની પણ રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં મ્યુ.કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તેમજ તમામ શાખા અધ્યક્ષો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરગામમાં કંપનીમાંથી કોપર ટ્યુબનાં બંડોલોની ચોરીમાં 3 ઝડપાયા

ઉમરગામ: ઉમરગામ GIDC વિસ્તારમાં કંપનીમાંથી કોપર ટ્યુબના બંડોલોની ચોરી કરનાર બે આરોપી તથા ચોરીનો માલ ખરીદનાર એકને પોલીસે ઝડપી પાડ્યા છે. ઉમરગામ જીઆઇડીસીમાં આવેલા શ્રેયા કોપર પ્રા. લિ. નામની કંપનીમાં 27મી સપ્ટેમ્બરે ચોરીનો બનાવ બન્યો હતો. ચોર ઈસમોએ કંપનીમાં પ્રવેશ કરી કોપર ટ્યુબના બંડલો કિંમત રૂપિયા 4,27,000ની મતાની ચોરી કરી નાસી ગયા હતા ઉમરગામ પોલીસે તપાસ દરમિયાન વિશ્વાસ ઉર્ફે સુશાંત હાડલ (ઉં.વ.21, રહે., ધાનિવરી નવાપાડા,, દાહણુ, જિ.પાલઘર) અને વિશાલ રમેશ રસાલ (ઉં.વ.25, રહે., ઓસરવીરા પાટીલપાડા) ની અટક કરી હતી તથા ચોરીનો માલ લેનાર આસિફ રસીદ શેખ (રહે., તલાસરી સુથાર પાડા)ની અટક કરી ભંગારના ગઠા, રોકડા 1,12,000 મળી કુલ રૂપિયા 3,34,150નો મુદ્દામાલ કબજે લીધો હતો.

### ઉમરગામમાં તમાકુ વેચતા, જાહેરમાં ધૂમ્રપાન કરનારા દંડાયા




ઉમરગામ: વલસાડ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં રચાયેલી ટાસ્ક ફોર્સ દ્વારા ઉમરગામના સરઈ, માંડા અને આજુબાજુના વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના-મોટા પાનના ગલ્લા, પાર્લરના ૨૫ દુકાનદાર અને જાહેરમાં ધૂમ્રપાન કરતાં ૬ લોકો મળી કુલ ૩૧ કેસ નોંધી કુલ ૬,૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને પોલીસ વિભાગની સંયુક્ત સ્ટિયરીંગ કમિટી દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન દુકાનદારોને કલમ-૪ (જાહેરમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ), કલમ-૬(અ) (૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુના વેચાણ પર પ્રતિબંધ) તથા કલમ-૬(બ) (શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુના વેચાણ પર પ્રતિબંધ) અંગે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

### દમણમાં ગેરકાયદે રહેતી બાંગ્લાદેશી મહિલાને 18 મહિનાની જેલ

દમણ: સંઘપ્રદેશ દમણમાં માન્ય પાસપોર્ટ અને પરવાનગી વિના ગેરકાયદે રહેતી બાંગ્લાદેશી મહિલાને દમણની અદાલતે 18 મહિનાની કેદ અને રૂ.500ના દંડની સજા ફટકારી છે. સાથે જ સજા પૂર્ણ થયા બાદ મહિલાને બાંગ્લાદેશ ડિપોર્ટ કરવાનો આદેશ આપ્યો છે. બાંગ્લાદેશની વતની રૂમા રશિદ ખાતુન વિરુદ્ધ તત્કાલીન નાની દમણ પોલીસમાં 23 મે, 2025ના રોજ ગુનો નોંધ્યો હતો. તપાસમાં મહિલા પાસેથી ભારતીય આધારકાર્ડ અને પાનકાર્ડ સંબંધિત ડુપ્લિકેટ દસ્તાવેજો તેમજ બાંગ્લાદેશના રાષ્ટ્રીય ઓળખપત્રની નકલ મળી આવી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી પક્ષે 11 સાક્ષી તપાસ્યા હતા. અંતે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ ઓમકાર કુલકર્ણીની અદાલતે મહિલાને દોષિત ઠેરવી સજા સંભળાવી હતી. કેસમાં સરકારી વકીલ શ્રીરામ દેશપાંડેએ સરકાર પક્ષે દલીલો કરી હતી.

### આદિવાસી શહીદોની શૌર્યગાથાને રાષ્ટ્રીય ઓળખ અપાવવાની માંગ




નવસારી: આદિવાસી સમાજના ઐતિહાસિક સંઘર્ષ અને બલિદાનને દેશભરમાં યોગ્ય સ્થાન મળે તે માટે માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાની માંગ સાથે જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાત દ્વારા નવસારી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. માનગઢની ધરતી સંત શ્રી ગોવિંદ ગુરુના નેતૃત્વમાં બ્રિટિશ શાસન સામે થયેલા આદિવાસી સંઘર્ષની સાક્ષી રહી છે. ૧૭ નવેમ્બર, ૧૯૧૩ના ઐતિહાસિક બનાવમાં મોટી સંખ્યામાં આદિવાસીઓએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. આ શહીદોની સ્મૃતિને ચિરંજીવ રાખવા અને તેમના યોગદાનને રાષ્ટ્રીય સ્તરે માન્યતા અપાવવા માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારકનો દરજ્જો આપવાની માંગ કરવામાં આવી છે. અખિલ ભારતીય વનવાસી કલ્યાણ આશ્રમની ભીલવાડા ખાતે યોજાયેલી બેઠકમાં પણ આ અંગે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તેના અનુસંધાને ગુજરાતની સંસ્થા દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આવેદનપત્રમાં માનગઢ ધામનું ઐતિહાસિક મહત્ત્વ જાળવવા, સ્થળનું સંરક્ષણ કરવા અને તેના વિકાસ માટે જરૂરી પગલાં ભરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

# વલસાડની લો કોલેજમાં 16 વિદ્યાર્થીને પરીક્ષા આપવા ન દેવાતાં વિરોધ

**હાજરી** 35 ટકાથી ઓછી હોય તેમની ટર્મ રદ કરી દેવાઇ

વલસાડ: વલસાડની લો કોલેજમાં તાજેતરમાં જ 21 વિદ્યાર્થીને પરિક્ષામાંથી ઉઠાડી મુકાતા વિવાદ થયો હતો. હાજરીના વિવાદના કારણે લેવાયેલા આ પગલાં આજે પણ યથાવત રહ્યા હતા. આચાર્ય દ્વારા આજે પણ એલએલએમ અને એલએલબી મળી કુલ 16 વિદ્યાર્થીને પરિક્ષામાં બેસવા ન દેતાં મામલો ગરમાયો હતો. જોકે, તેમની હાજરી 35 ટકાથી ઓછી હોવાની વાતના કારણે મામલો વિવાદના વંટોળે ચઢ્યો હતો.

વલસાડ નૂતન કેળવણી સંચાલિત કે. એમ. શાહ લો કોલેજમાં છેલ્લા થોડા સમયથી જુદા જુદા વિવાદ ચાલી રહ્યા છે. જેને લઈ કોલેજ સંચાલન દ્વારા નિયમો મુજબ તેનું સંચાલન કડક બનાવાતા વિવાદ વધુ ઉઠી રહ્યો છે. આજરોજ લો કોલેજની પરિક્ષામાં 16 વિદ્યાર્થી પાસે હોલ ટિકીટ હોવા છતાં તેમને પરિક્ષામાં બેસવા દેવાયા ન હતા. તેમની હાજરી 35 ટકાથી ઓછી હોય તેમની ટર્મ રદ કરી દેવાઈ હતી. ત્યારે વિદ્યાર્થીઓએ ભારે રોષ પ્રદર્શિત કર્યો હતો તેમજ તેમણે આક્ષેપો કર્યા કે, કેટલાક વિદ્યાર્થીઓની હાજરી ખૂબ ઓછી હોવા છતાં તેમનું મેડિકલ સર્ટિફિકેટ લઈ તેમને પરિક્ષામાં બેસવા દેવાયા હતા. જ્યારે 16 વિદ્યાર્થીને બસવા દેવાયા ન હતા. સંચાલક મંડળે તેમની ટર્મ બચાવવા ખાત્રી આપી હોવા છતાં તેમની સાથે અન્યાય થયો હોવાના આક્ષેપો તેમણે કર્યા હતા. આ સંદર્ભે ઈન્ચાર્જ આચાર્ય હેમલતાબેન પરમારે જણાવ્યું કે, તેમને પરિક્ષા આપવા દેવી મારી સત્તા બહારની વાત છે. યુનિવર્સિટીએ તેમને પરીક્ષામાં બેસવા દેવાની કોઇ છૂટ આપી નથી. તેની ઉપરવટ જઈને તેમને પરીક્ષા આપવા દેવાય એ અશક્ય છે. કાયદો શિખવતી કોલેજમાં કાયદાની રીતે જ ચાલવું જોઈએ તેમાં બાંધછોડ કરી શકાય નહી.

# વલસાડના અબ્રામામાં લીલા પાર્ક સોસાયટીમાં કોમન પ્લોટ મુદ્દે વિવાદ

**પ્લોટના** માલિકે મહિલાઓ સાથે અસભ્ય વર્તન કર્યું હોવાનો આક્ષેપ



વલસાડ: અબ્રામા વિસ્તારમાં આવેલી લીલા પાર્ક સોસાયટીમાં કોમન પ્લોટની સફાઇ અને વાહન પાર્કિંગ કરવાના પ્રશ્ને સોસાયટીના રહીશો અને પ્લોટના કથિત માલિક વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ સર્જાયું હોવાની ઘટના સામે આવી છે. વિવાદ એટલો વધી ગયો હતો કે પ્લોટના માલિક દ્વારા મહિલાઓ સાથે અસભ્ય વર્તન કરી ગાળો ભાંડી હોવાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, સોસાયટીના રહીશો કોમન પ્લોટમાં સફાઈ કરાવવા અને ગાડી પાર્ક કરવા બાબતે ચર્ચા કરી રહ્યા હતા, તે દરમિયાન પ્લોટના માલિક ત્યાં આવી પહોંચ્યા હતા અને બંને પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. સ્થિતિ વધુ વણસતા સ્થાનિક રહીશોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતા જ પોલીસ દોડી આવી હતી અને મામલો થાળે પાડવા માટે બંને પક્ષને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પોલીસની મધ્યસ્થી બાદ સમાધાન કરાવવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જમીનનો માલિકી હક્કનો વિવાદ હાલ કોર્ટમાં ચાલી રહ્યો છે, તેમ છતાં વારંવાર સ્થાનિક સ્તરે ઘર્ષણના બનાવો સામે આવી રહ્યા છે.

# 'અમે લોકો પાકિસ્તાન કે બાંગ્લાદેશથી નથી આવ્યા'

**ઉમરગામ** તા.પં.ની સભામાં રજૂઆતને મહત્ત્વ ન અપાતું હોવાનો વિરોધ પક્ષનો આક્ષેપ




ઉમરગામ: ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈ વળવીની અધ્યક્ષતામાં, ઉપપ્રમુખ હાર્દિકભાઈ શાહ, કારોબારી અધ્યક્ષ મનીષભાઈ તથા સભ્યોની ઉપસ્થિતિમાં ખાસ સામાન્ય સભા ગુરુવારે તાલુકા પંચાયતના સભાખંડમાં મળી હતી. સભામાં એજન્ડા મુજબ ગત સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. 16મું નાણાપંચ તાલુકા કક્ષાનું વર્ષ 2026-27ના આયોજનને તથા સ્ટેમ ડ્યુટી ગ્રાન્ટની બચત રકમના આયોજનને બહાલી તથા ફેર દરખાસ્તના કામોને બહાલી આપવામાં આવી હતી.

સભામાં વિરોધ પક્ષના નેતા રાકેશ રાયએ આક્ષેપ લગાવ્યો હતો કે શાસક પક્ષ અમારા પ્રશ્ન રજૂઆત કે વિકાસના કામો બાબતે કોઈ મહત્ત્વ આપતું નથી અને ઉડાવ જવાબો આપે છે. અમે પાકિસ્તાન કે બાંગ્લાદેશથી નથી આવ્યા, એવો આક્ષેપ લગાવ્યો હતો. જોકે શાસક પક્ષના સભ્ય તેજારામ ચૌધરીએ વળતો જવાબ આપતા કહ્યું કે આવું બાંગ્લાદેશ પાકિસ્તાન બોલો છો. તે ઠીક નથી. પ્રમુખ સંતોષભાઈએ પણ આક્ષેપોને ફગાવી સરીગામ વિસ્તારમાં વિકાસના કામો આયોજનમાં લેવામાં આવ્યાં હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ વિરોધ પક્ષના રાકેશ રાયએ તાલુકામાં સર્વાંગી વિકાસના કામોને બહાલી આપવા અમારી પણ સર્વ સંમતિ હોવાનું જણાવ્યું હતું. જ્યારેઆમંત્રિત સભ્ય તરીકે ડો. નિરવ શાહની બહુમતીથી નિમણૂક કરવામાં આવી હતી.

### વાપી છીરીમાં વાહન અડફેટે અઢી વર્ષના બાળકનું મોત

વાપી: મૂળ નેપાળ અને હાલ સાંઈ રેસિડેન્સી, છીરીમાં રહેતા રૂપેન્દ્ર કેશર કેશી (ઉં.35) તા.21-10-26 ના રોજ સવારના સમયે રૂમમાં જમવાનું બનાવતો હતો અને તેનો નાનો દિકરો ધીરજ (ઉં.આ.2.5) પાર્કિંગમાં ગેટ પાસે રમતો હતો. આ સમયે કારની અડફેટે બાળક આવી ગયો હતો. ગંભીર ઈજાઓના પગલે તેનું મોત નીપજ્યું હતું. જો કે કારચાલક વાહન સાથે ભાગી છૂટ્યો હતો. વાપી ટ્રાફિક પોલીસમાં અજાણ્યા વાહનચાલક સામે ફરિયાદ નોંધી હતી.

### વલસાડના મોટા તળાવમાં યુવકનો આપઘાત

વલસાડ: વલસાડ મોગરાવાડી વિસ્તારમાં આવેલી દેવ દર્શન સોસાયટીમાં રહેતા તૃતિક મુકેશભાઈ પટેલે શહેરના મોટા તળાવમાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને ત્વરિત મદદ માટે વલસાડ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જોકે, ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચવામાં લગભગ એક કલાક જેટલો સમય લાગ્યો હોવાનો આક્ષેપ સાથે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. સિટી પોલીસે અકસ્માત મોત અંગેની નોંધણી કરી તપાસ હાથ ધરી છે.

### વાપીમાં પ્રોહિ.ના ગુનામાં વોન્ટેડ ઝડપાયો

વાપી: વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં પ્રોહિબિશન મુજબનો ગુનો નોંધાયેલ હતો અને તે ગુનામાં વોન્ટેડ સુમન ગુલાબભાઈ પટેલ (ઉં.આ.64, રહે., ચલા, શિવાલીક, વાપી, મૂળ વોઈમા)ને વલસાડ એલસીબી ટીમે બાતમી આધારે વાપી વૈશાલી ચાર રસ્તા પાસેથી વાહન સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે વાહન, 4 મોબાઈલ ફોન અને રોકડા 14,600 મળી કુલ રૂ.3,68,600નો મુદ્દામાલ કબજે કરી વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે સોંપ્યો હતો.

**નિવિદા નં.૦૬ સને ૨૦૨૬-૨૭**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા અને મ) પેટા વિભાગ નં.૨, સુરત દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત. ફોન નંબર : ૨૪૬૩૦૪૬ સુરત હસ્તકના મકાન મરામતના કામો નંગ-૧૦ જેની અંદાજી કિંમત રૂા. ૩.૦૦ લાખ સુધીની છે. જેના ઈ૧ કક્ષા અને તેની ઉપરના વર્ગોમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો જરૂરી ફી ભર્યેથી આપવાની છેલ્લી તા.૨૭/૧૦/૨૦૨૬ બપોરે ૨:૦૦ વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ ભરેલા ટેન્ડર આર.પી.એ.ડી. થી સ્વીકારવાની છેલ્લી તા. ૦૨/૧૧/૨૦૨૬ રહેશે. સદર કામ અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. બાનાની રકમ વિનાના, શરતી તેમજ મુદત વિત્યા બાદ આવેલ ભાવપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભાવપત્રકો મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહેશે.
ક્રમાંક . માહિતી-સૂરત/૭૮૪/૨૦૨૬

**જાહેર નોટીસ**

**નગર રચના યોજના નં.૫૨(સણીયાહેમાદ-કોસમાડા-છેડછા)**
**(આખરી યોજનાની કામચલાઉ મુલ્યાંકન દરખાસ્ત અંગે)**

નગર રચના યોજના નં.૫૨(સણીયાહેમાદ-કોસમાડા-છેડછા) સુરતની પ્રારંભિક યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે. સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આ યોજના વિસ્તારમાં મોજે:સાણીયાહેમાદના બ્લોક નં.૪૮/બી/પૈકી, ૪૮/સી/પૈકી, ૫૦, ૫૬, ૫૭, ૫૮, ૫૯/એ, ૫૯/બી, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬/પૈકી, ૬૭/બી/પૈકી, ૭૫/પૈકી, ૭૬, ૭૭/એ, ૭૭/બી, ૭૭/સી, ૭૮, ૭૯, ૮૦/એ, ૮૦/બી, ૮૧, ૮૨, ૮૩, ૮૪/એ, ૮૪/બી, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૧૧૪/પૈકી+૧૧૪/પૈકી, ૧૧૫/પૈકી, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦/એ, ૧૨૦/બી, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭/એ+૧૨૭/બી, ૧૨૮/પૈકી, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨/પૈકી, ૧૩૪/પૈકી, ૧૩૫/પૈકી, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧/એ, ૧૪૧/બી, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪/એ, ૧૫૪/બી, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮,૧૫૯/પૈકી, ૧૬૦/પૈકી, ૧૬૧, ૧૬૨/એ, ૧૬૨/બી, ૧૬૩/પૈકી, ૧૬૪/પૈકી. મોજે:કોસમાડાના બ્લોક નં.૨૩૪/પૈકી, ૨૩૫/પૈકી,૨૩૭/એ, ૨૩૭/સી/પૈકી, ૨૩૮/એ, ૨૩૮/સી, ૨૩૯/એ, ૨૪૦/એ,૨૪૦/સી, ૨૪૧/એ/૧, ૨૪૧/બી, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩/એ, ૨૫૩/બી, ૨૫૪, ૨૫૫, ૨૫૬/એ/પૈકી, ૨૬૯/પૈકી, ૨૭૦, ૨૭૧/એ/પૈકી, ૨૭૧/બી/પૈકી, ૨૭૨, ૨૭૩, ૨૭૪/૨, ૨૭૪/૩, ૨૭૪/૧, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૮૪/બી, ૨૮૨/બી/પૈકી, ૨૮૬, ૨૮૭/પૈકી, ૨૮૭/પૈકી, ૨૮૯/પૈકી, ૨૯૦/પૈકી મોજે:છેડછાના બ્લોક નં.૧૬/એ, ૧૭/એ+૧૭/બી, ૧૮/એ, ૧૯, ૨૦/એ/૧, ૨૦/એ/૩,૨૦/બી/૧, ૨૦/બી/૩, ૨૧/એ/૧, ૨૧/બી, ૨૨, ૨૩, ૨૪/એ/પૈકી, ૨૪/એ/પૈકી, ૨૪/બી, ૨૫/પૈકી, ૨૯/પૈકી, ૩૦/પૈકી, ૩૧/એ/પૈકી તથા ખાડી, કેનાલ, મારગ તથા ભારતીય રેલ્વે (મોજે:કોસમાડા ના બ્લોક નં.૨૩૭/બી, ૨૩૮/બી, ૨૩૯/બી, ૨૪૦/બી, ૨૪૧/એ/૨, ૨૫૬/બી/પૈકી, મારગ તથા મોજે:છેડછા ના બ્લોક નં.૧૬/બી, ૧૮/બી, ૨૦/એ/૨, ૨૦/બી/૨, ૨૧/એ/૨, ૩૧/બી, મારગ) વાળી જમીનનો સમાવેશ થાય છે.

પ્રારંભિક યોજનાના અનુસંધાને રજુ થયેલ વિગતો દસ્તાવેજો/પુરાવા ધ્યાનમાં લઇ તેમજ નગર રચના યોજના થવાથી યોજના વિસ્તારમાં ખંડની કિંમત ઉપર જે અસર પડશે અને સંબધિત ખંડને જે લાભ મળશે તે વિચારી મૂળખંડની કિંમતનો દર તેની સામે ફાળવેલ આખરીખંડની અવિકસિત અને વિકસિત કિંમતના દરો તેમજ યોજનાની અસર પામતા બાંધકામોના વળતરની કિંમત અંગે સુચિત દરખાસ્તો ઘડવામાં આવેલ છે.આ બાબતે સંબંધિત જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને લેખિત નોટીસથી જાણ કરી તા.૨૧/૧૦/૨૦૨૬ અને તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ રૂબરૂ સુનવણી યોજવામાં આવેલ. તેમ છતાં તેઓના ખરા સરનામાંના અભાવે અથવા અન્ય કારણોસર નોટીસ બજેલ ના હોય અથવા રૂબરૂ સુનવણીમાં હાજર રહી શકેલ ન હોય તો તે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની દિન-૦૭ માં અત્રેની કચેરીએ તૈયાર કરેલ આખરી યોજનાની દરખાસ્તોની વિગતો સમજી લઇને ઉપરોક્ત સૂચિત કિંમતના દરો/બાંધકામ વળતર અંગેની રજૂઆત જરૂરી દસ્તાવેજો, આધાર-પુરાવાઓ સહ રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન લેખિતમાં નીચે સહિ કરનાર અધિકારી સમક્ષ રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ દ્વારા કરવા જણાવવામાં આવે છે.

સ્થળ: સુરત
તા.૨૨/૧૦/૨૦૨૬ (સહી/-)
કચેરીનું સરનામું:- (કે.ડી.પટેલ)
સુરત નગર રચના યોજના એકમ-૧, નગર રચના અધિકારી અને
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, પ્રવર નગર નિયોજક,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે, સુરત નગર રચના યોજના એકમ-૧,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭, સુરત.
Email:stp-tpo1-srt@gujarat.gov.in
ક્રમાંક:માહિતી-સૂરત/૭૮૭/૨૦૨૬